માફીયાઓ દ્વારા સોનાની ખાણમાંથી થતા ગેરકાયદે ખનનનો માલ નથી આવતોને?

આફ્રિકી દેશોમાંથી સોનાની મોટી આયાતઃ જવેલર્સ અપસેટ

ઝવેરી સંગઠને સરકારનું ધ્યાન દોર્યું: તાન્ઝાનીયા જેવા દેશોમાંથી ડયુટી મુક્ત આયાત શંકાસ્પદઃ ભારતની કુલ આયાતમાં ૪૦ ટકા અશુદ્ધ સોનાની થાય છે

મુંબઈ તા.૪

છેલ્લા મહિનાઓમાં સોનાનાં ભાવમાં જોરદાર તેજી વચ્ચે આફ્રિકી દેશોમાંથી શંકાસ્પદ સોનાની મોટી આયાત થવાના મામલે જવેલર્સ સંગઠને સરકારનુ ધ્યાન દોર્યુ છે.માફીયાઓ દ્વારા સોનાની ખાણમાંથી ગેરકાયદે ખનન કરીને વેચાતા સોના સામે અમેરીકાએ ચેતવણી ઉચ્ચારી જ છે ત્યારે ભારતમાં પણ આ પ્રકારનાં સેમી-પ્લોય (અશુદ્ધ)સોનાની વધતી આયાત સામે લાલબતી ધરવામાં આવી છે. તાંઝાનીયા જેવા આફ્રિકી દેશોમાંથી જકાત મુકત આયાતનું ચલણ વધી ગયુ હોવા વિશે સરકારનું ધ્યાન દોરવામાં આવ્યુ છે. ભારતમાં જવેલર્સ તથા બુલીયન ટ્રેડરોની જુની લોબીએ સરકારને એમ કહ્યું છે કે ભારતની કેટલીક ગોલ્ડ રીફાઈનરીઓ આફ્રિકી ગેરકાયદે સોનુ મંગાવતા હોવાના પુરાવા નથી. પરંતુ આ પ્રકારની આયાતથી ડયુટી ભરીને પ્રમાણીકતાથી કારોબાર કરતાં જવેલર્સો-રીફાઈનરીઓની હાલત ખરાબ થઈ શકે છે.આફ્રિકી દેશોમાં માફીયાઓ સોનાનો ગેરકાયદે ધંધો કરતા હોય છે.ખાણમાંથી ગેરકાયદે સોનુ કાઢી વેચે છે અને આ નાણાં ત્રાસવાદીઓ સુધી પહોંચતા હોય છે.

સરકારને એમ કહેવાયું છે કે કેટલાંક ગરીબ આફ્રિકી દેશો સાથે ભારતની વ્યાપાર સંધીનો ગેરલાભ લેવામાં આવી રહ્યો છે.

ઈન્ડીયન બુલીયન એન્ડ જવેલર્સ એસોસીએશનનાં સેક્રેટરી સુરેન્દ્ર મહેતાએ કહ્યું કે એકાદ સપ્તાહ પૂર્વે સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું છે.અશુધ્ધ સોનુ જકાત મુકત ધોરણે આયાત થાય છે. જયારે અન્યમાં ૧૪.૩૫ ટકા ડયુટી લાગુ પડે છે. અમુક રીફાઈનરીઓ ૩૦૦ કિલો સોનાની આયાત કરી લીધી છે. એટલુ જ નહિં એક મોટી રીફાઈનરી દ્વારા વધુ મોટી આયાત થઈ રહ્યાના સંકેત છે. આ મામલે નિયમોનું પાલન થતુ હોવા છતાં અમુક રીફાઈનરીઓની આયાત શંકાસ્પદ છે.સરકાર કોઈ કદમ નહિં ઉઠાવે તો વધુ રીફાઈનરીઓ આ માર્ગ અપનાવી શકે છે. અમેરીકાએ તાજેતરમાં આફ્રિકી દેશોમાંથી સોનાની આયાત તથા કારોબાર વિશે એલાઈઝરી જાહેર કરી હોવાનું સૂચક ગણી શકાય છે.

ગોલ્ડ ડોરની આયાત માત્ર ડીજીએફટીનાં લાયસન્સ આધારીત છે. છતાં અલ્પ વિકસીત દેશોમાંથી કેવી રીતે કલીયરન્સ અપાય છે તે સમજી શકાતુ નથી.

ગત ૨૭મી જુને અમેરીકી ગૃહવિભાગ દ્વારા ખાસ એડવાઈઝરી જારી કરવામાં આવી હતી. આફ્રિકી સબ-સહારા ક્ષેત્રમાંથી અશુધ્ધ સોનાની આયાતની તક સામે જોખમો વિશે ધ્યાન દોરવામાં આવ્યું હતું.વેગનર જેવી ગ્રુપ ફાયદો ન લઈ જાય તેની કાળજી લેવા સુચવાયું છે.

આફ્રિકાનાં સબ-સહારા ક્ષેત્રમાં દર વર્ષે વિશ્વના કુલ ઉત્પાદનમાંથી ૨૫ ટકાનું ઉત્પાદન થાય છે. ખાણમાંથી ગેરકાયદે ખનન થયેલુ સોનું આવી ન જાય તેની કાળજી લેવામાં આવી રહી છે.

ભારતમાં દર વર્ષે ૮૦૦ ટન સોનુ ઠલવાય છે. તેમાંથી ૪૦ ટકા સોનું અશુદ્ધ હોય છે. અંદાજીત ૪૦ રીફાઈનરી છે તેમાંથી માત્ર ૧૦ જ યોગ્ય સ્રોતમાંથી આયાતનું ઓડીટ કરાવે છે. આ એક જટીલ પ્રક્રિયા છે અને વખતોવખત સર્ટીફીકેટ રીન્યુ કરાવવુ પડતુ રહ્યું છે. અન્યથા સોનું વેચનાર દેશની એજન્સીનું સર્ટીફીકેટ મેળવવુ પડતુ હોય છે.

સુપ્રીમ કોર્ટની કેન્દ્ર સરકાર અને દિલ્હીના લેફટનન્ટ ગવર્નરને નોટિસ

નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની સુપ્રીમ કોર્ટની બેન્ચે આજે અધિકારીઓની ટ્રાન્સફર પોસ્ટિંગમાં લાવવામાં આવેલા વટહુકમની બંધારણીયતાને પડકારતી દિલ્હી સરકારની અરજી પર સુનાવણી કરી હતી. સુપ્રીમ કોર્ટે આ મામલે સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકાર અને સરકારના વટહુકમ સામે સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. દિલ્હી સરકારે કહ્યું હતું કે, કેન્દ્ર સરકારનો વટહુકમ ગેરબંધારણીય છે.

સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં આપ સરકારે કેન્દ્ર સરકારના વટહુકમ પર તાત્કાલિક રોક લગાવવાની માંગ કરી હતી.

અધિકારીઓની ટ્રાન્સફર પોસ્ટિંગના વટહુકમને પડકારતી દિલ્હી સરકારની અરજી

દિલ્હીના લેફટનન્ટ ગવર્નરને નોટિસ પાઠવી છે. એટલું જ નહીં, કોર્ટે નિવૃત્ત જસ્ટિસ ઉમેશ કુમારના દિલ્હી ઈલેક્ટ્રીસિટી રેગ્યુલેટરી કમિશન (ડીઈઆરસી)ના અધ્યક્ષ તરીકેના શપથ ગ્રહણ પર પણ ૧૧ જુલાઈ સુધી રોક લગાવી દીધી છે.

દિલ્હીની આમ આદમી પાર્ટીની સરકાર અધિકારીઓની ટ્રાન્સફર પોસ્ટિંગના મામલે કેન્દ્ર

CHANGE OF COMPANY NAME

We would like to inform all, that we have changed our company name from **Green Plus Agro** to **GREEN PLUS AGRO SCIENCE PVT. LTD.**

26, Ghanshyam Industrial Estate, Opp. Bhagyoday Hotel, Vasna Iayava, Sanand, Ahmedabad-382170.

શેર સર્ટીફીકેટ ખોવાયેલ છે

અમો કસ્તુરબેન શંભુભાઈ પટેલ બંગલા નં. ૮ ન્યુ અરવિંદનગર સોસાયટી વિભાગ-૨ વાળી મિલ્કતના સભાસદ તરીકે શેર નં.૭૮ સર્ટીફીકેટ નં.૩૮૬ થી ૩૬૦ ફાળવવામાં આવેલ હતો. જે અમારાથી ઘરના રીનોવેશનના કામમાં ગમે ત્યાં મુકાયેલ હોઈ મતલબ ગેરવલ્લે ગયેલ હોઈ અમોને ખોવાયેલ શેર અને શેર સર્ટીફીકેટના બદલે નવો શેર અને સર્ટીફીકેટ કસ્તુરબેન શંભુભાઈ પટેલના નામે કરી આપવા વિનંતી છે. અમોને જો જુના શેર સર્ટીફીકેટ મળી આવશે તો અમો તુરંત ન્યુ અરવિંદનગર સોસાયટી વિભાગ-૨ અમદાવાદ ની કાર્યાલયે જમા કરાવી દઈશું.

લિ. કસ્તુરબેન શંભુભાઈ પટેલ

જાહેર નોટિસ

જત ડિસ્ટ્રિક્ટ અમદાવાદ,ના તાલુકે સીટી, મોજે ગામ વેજલપુર,ની સીમના સર્વે નં. ૨૨૧, ટી. પી. સ્કિમ નં. ૬, ફા. પ્લો. નં. ૨૨, ઉપર આવેલ પાયલ પાર્ક કો. ઓ. સો. લી. "પાયલ પાર્ક" માં આવેલ ટેનામેન્ટ ન. ૨૬ કે જેની માલિકી ઉષા ધનવીર પાસીની છે. તેઓ લોન લેવા માટે અમો એડવોકેટ પાસે મજકુર મિલકત માટે ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદર મિલકતના દસ્તાવેજોની માંગણી કરતા અસલ દસ્તાવેજ ૧. એલોટમેન્ટ લેટર વર્ષ ૧૯૭૯, ૨. રજી. બાનાખત નં. ૧૦૦૪૧/૧૯૮૮ તારીખ ૦૩-૦૬-૧૯૮૮, ૩. રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૬૮૮/૧૯૮૯ તારીખ ૩૧-૦૮-૧૯૮૯ ૪. રજી. સુધારાનો દસ્તાવેજ નં. ૯૩૩૬/૧૯૯૧ તારીખ ૧૧-૦૪-૧૯૯૧ તથા સોસાયટીમાં નાણા ભર્યા અંગેની પહોચો વિગેરે ખોવાઈ ગયેલ છે. જે તેમના ઘર, ઓફીસ, બેંક લોકર વિગેરે જગ્યાએ શોધખોળ કરેલ પરંતુ દસ્તાવેજો ક્યાંક ભૂલમાં આડા અવળા મુકાઈ ગયેલ છે. જે હાલમાં મળી આવતા નથી. અને આ ઉપરોક્ત દર્શાવેલ તમામ દસ્તાવેજો ખોવાયા અંગેની ફરિયાદ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશનમાં તારીખ ૦૩-૦૭-૨૦૨૩ નારોજ આપેલ છે. ઉષા ધનવીર પાસીએ લોન લેવા માટે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા આર એ. સી. પી. સી. અમદાવાદમાં એપ્લાય કરેલ છે. અને અમારી પાસે ટાયટલ ક્લીઅર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. આમ મજકુર મિલકતમાં કોઈનો પણ માલિકી હક્ક, લાગ-ભાગ, હિસ્સો કે કોઇપણ પ્રકારનો બોજો, તારણમાં મુકેલ હોય તો અમોને દિન-૦૭ માં નીચેના સરનામે રજીસ્ટર્ડ એ. ડી. થી લેખિતમાં પુરાવા સહીત જાણ કરવી અન્યથા કોઇપણ વ્યક્તિનો સદર મિલકતમાં કોઇપણ પ્રકારની માલિકી, કે પ્રકારનો લાગ-ભાગ હક્ક-હિસ્સો નથી અને હશે તો તેઓએ પોતાનો હક્ક હિસ્સો જતો (વેવ) કરેલ છે તેમ સમજી અમો ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઇસ્યું કરીશું ત્યાર બાદ કોઈની કોઈ પણ પ્રકારની તકરાર ચાલશે નહિ. જેની નોંધ લેશો.

અમદાવાદ

અમારા અસીલની સુચના અને ફરમાઇશથી.

મોઈન એમ. બુખારી એડવોકેટ,

૮૪૨, આઠમો માળ, બ્લોક નં એ, સન વેસ્ટબેંક, વલ્લભ સદન, સિટી ગોલ્ડ સિનેમા સામે, આશ્રમ રોડ, અમદાવાદ. (મો) 8980768200

પ્રમાણપત્ર

આનંદનગર પોલીસ સ્ટેશન અરજી નં. LA/793/2023 ના કામના અરજદાર નામે પરેશ સ/ઓ તિકમદાસ વલીરામ જાતે-ભાટીયા ઉ.વ. ૪૨, ધંધો-વેપાર, રહે-એ/૦૪/૪૦૧/૪૦૨, ગ્રીન એકર્સ, પાંચા તળાવ પાસે, પ્રહલાદનગર, સેટેલાઈટ, અમદાવાદ શહેર નાઓના તથા તેઓના ભાઈ નિતીન તિકમદાસ ભાટીયા નાઓ તેઓની ગ્રીન એર્ક્સ કો.ઓ.હાઉસીંગ સર્વિસ સોસાયટીના સભ્ય હતા અને તેઓના બંનેના સંયુક્ત નામે સોસાયટીના શેર સને-૨૦૧૦ માં આપેલ હતા જે શેર સર્ટીફીકેટ નંબર-૩૨૨ સીરીયલ નં-૧૬૦૬ થી ૧૬૧૦ કુલ- ૦૫ અને જે શેર સર્ટીફીકેટ નંબર-૯૬૬ સીરીયલ નં-૯૬૬ થી ૯૭૦ કુલ- ૦૫ જે કિંમત રૂા. ૨૫૦/-ના શેર આપેલ હતા જે શેરસર્ટી તેઓના ઘરમાં ગુમ/ખોવાઈ ગયેલ હોય અને મળી આવતા ન હોય જેથી એફીડેવીટના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

તા. ૦૨/૦૭/૨૦૨૩ સિક્કો અ.હેડ.કોન્સ. આનંદનગર પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર

torrent POWER **ટોરેન્ટ પાવર લિમિટેડ નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેઈનટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનો/પોલ માઉન્ટેન્ડ ટ્રાન્સફોર્મરમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ થવાની શક્યતા છે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી.

તા.૦૭/૦૭/૨૦૨૩, શુક્રવાર: (૧) થલતેજ આંબલી રોડ: સેફાયર ગ્રીન્સ-TR-૧, (૨) વિજય ચાર રસ્તા: શરદ મેહતા પાર્ટી પ્લોટ-TR-૧, (૩) સી.જી. રોડ: કેમ્પસ કોર્નર-TR, (૪) હીરાવાડી: શિલ્પ રેસીડેન્સી-SS, (૫) નિકોલ: ભાવના સોસાયટી-PMT, યોગેશ્વર રેસીડેન્સી (નિકોલ)-SS, (૬) નારોલ: ગાંધી એસ્ટેટ-PMT, શ્રીનિવાસ ટેક્ષટાઈલ-SS, (૭) ડી કેબિન સાબરમતી: અધિકાર-PMT, (૮) વટવા જીઆઈડીસી ફેઝ-૪: સકરીબા ઈન્ડ. એસ્ટેટ નં.૧ (વટવા ફેઝ-૪).

તા.૦૮/૦૭/૨૦૨૩, શનિવાર: (૧) વસ્ત્રાલ: ઓએનજીસી કુવો-જડેશ્વર મહાદેવ (પેકેજ), તક્ષશિલા ગેલેરીયા (પેકેજ)-SS, (૨) નારોલ કોર્ટ: ઓમ નગર (નારોલ કોર્ટ)-PMT, (૩) નારોલ ગામ: નારોલ ટીન એન્ડ બેરલ-PMT.

અસુવિધા બદલ દિલગીર છીએ

વીજ કનેકશનની જાણકારી, ઓનલાઈન બિલ ચૂકવણી અને અન્ય સુવિધાઓ

Mobile APP | connect.torrentpower.com | connect.ahd@torrentpower.com | 6655 1912/ 2255 1912

સીએફએમ એસેટસ રીકંસ્ટ્રકશન પ્રાઈવેટ લીમીટેડ (સીએફએમ-એઆરસી)

રજીસ્ટર્ડ ઓફીસ : બ્લોક નં. એ/૧૦૦૩, વેસ્ટ ગેટ, વાયએમસીએ ક્લબ પાસે, સુર. નં.૮૩૫/૧+૩, એસ.જી. હાઈવે, મકરબા, અમદાવાદ-૩૮૦૦૫૧.
કોર્પોરેટ ઓફીસ:પહેલો માળ, વોકફીલ્ડ હાઉસ, સ્પોટ રોડ, બાલાડ એસ્ટેટ, મુંબઈ-૪૦૦૦૩૮.
ફોન નં. + ૦૨૨-૪૦૦૫૫૨૮૦ / + ૯૧-૭૫૦૬૬૫૫૪૪૦
ઈમેઈલ:ravi.jain@cfmarc.in

CFM thoughtful regeneration

સરફેસી એક્ટ ૨૦૦૨ અન્વયે ગીરો મિલકતની ખાનગી ધોરણે વેચાણ બાબતની જાણ

આથી જાહેર જનતા તથા દેવાદારો અને જામીનદારોને વ્યક્તિગત રીતે નોટિસ થી જાણ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ સ્થાયી મિલકત જે સુરક્ષિત લેણદારો ને ગીરો મુકેલ છે, જેનો સાંકેતિક કબજો સુરક્ષિત લેણદાર, સીએફએમ એસેટ રીકન્સ્ટ્રકશન પ્રા.લી. (જે CFMARC Trust - 1 MUCB ના ટ્રસ્ટી તરીકે કામ કરે છે) ના ઓથોરાઈઝ્ડ ઓફિસર દ્વારા લેવામાં આવેલ છે જેનું વેચાણ ખાનગી સંધી દ્વારા સરફેસી કાયદાની જોગવાઈને આધીન તથા રૂલ્સ અન્વયે રૂા. ૬,૧૫,૦૦,૦૦૦/- (રૂપિયા છ કરોડ પંદર લાખ પુરા)ની કિંમતે નીચે દર્શાવેલ મિલકત ખરીદવાની આ ઓફરથી ખરીદી "જેમ છે તેમ ધોરણે", "જેમ છે ત્યાં ધોરણે", "ત્યાં જે કાંઈ છે તે ધોરણે" અને "કોઈપણ જાતના આશ્રય વગર" રૂા. ૭,૦૭,૬૧,૯૪૬/- (રૂા. સાત કરોડ સાત લાખ એકસઠ હજાર નવસો છેતાળીસ ફક્ત) જે તા. ૦૭.૦૬.૨૦૨૩ ના રોજ બાકી લેણા તથા ચડત વ્યાજ, ખર્ચા, ચાર્જીસ અને બીજા ખર્ચા જે ડાયરેક્ટર શ્રી જતીન દિલીપ જાની, શ્રીમતી સરોજબાલા દિલીપ જાની (ઉધારકર્તા અને ગિરવેદાર) અને શ્રી માલવ પંકજભાઈ પટેલ (જામીનદાર), શ્રી રોમીલ પંકજ પટેલ (જામીનદાર) અને શ્રી તપન દિલીપ જાની (જામીનદાર) દ્વારા મે. આરન રીયાલીટીસ પ્રા.લી. (ઉધારકર્તા) સુરક્ષિત લેણદારોને ચૂકવવાના બાકી લોન પેટે ચૂકવવાની બાકી નીકળે છે તે વસુલ કરવા માટે ઓફર મળેલ છે.

જાહેર હરાજીની વિગત

મુકરર મિલકતનું વિવરણ	બિનખેતીલાયક જમીન (રહેણાંક) ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૬૦ ફાઈનલ પ્લોટ નં. ૫૧/૧પી ક્ષેત્રફળ ૫૮૮૮ ચો.મીટર્સ (સર્વે નં. ૧૩૮પી ઉત્તર બાજુ આશરે ૯૯૧૪ સ્કે.મીટર્સ) ઉન્નતિ સ્કુલ ચાર રસ્તા પાસે, નારોલ, અમદાવાદ, તાલુકાઃ મણીનગર, મોજે - નારોલ, સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૫ (નારોલ), ડિસ્ટ્રીક્ટઃ અમદાવાદ પર આવેલ "HIFI 25" નામનો પ્રોજેક્ટ બાંધકામ હેઠળ ની સમગ્ર મિલકત.
વેચાણનું સ્થળ	સીએફએમ એઆરસી, ઓફિસ નં. એ/૧૦૦૩, વેસ્ટ ગેટ, વાયએમસીએ ક્લબ પાસે, સર્વે નં. ૮૩૫/૧+૩, એસ.જી. હાઈવે, મકરબા, અમદાવાદ-૩૮૦૦૫૧.
વેચાણની તારીખ	૨૮.૦૭.૨૦૨૩
સુરક્ષિત બાકી લેણાં	રૂા. ૭,૦૭,૬૧,૯૪૬/- (રૂા. સાત કરોડ સાત લાખ એકસઠ હજાર નવસો છેતાળીસ ફક્ત) તા. ૦૭.૦૬.૨૦૨૩ ના રોજ સાથે અન્ય વ્યાજ, ખર્ચા, ચાર્જીસ અને સુરક્ષિત લેણદારના શુલ્ક અને અન્ય ખર્ચ.
અધિકૃત અધિકારીના સંપર્કની વિગતો	શ્રી રવિ કુમાર જૈન ઈ-મેલ: ravi.jain@cfmarc.in શ્રી એમ.યુ. વોહરા ઈ-મેલ: muvohra@cfmarc.in

કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે.

અધિકૃત અધિકારી
તારીખ : ૦૪.૦૭.૨૦૨૩
સ્થળ : અમદાવાદ
સીએફએમ એસેટ રીકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લીમીટેડ (સીએફએમએઆરસી ટ્રસ્ટ-૧ એમયુસીબીના ટ્રસ્ટી તરીકે તેની કાર્યક્ષમતામાં કાર્ય કરે છે)

OMKARA ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસઃ ૯, એમ.પી.નગર, ૧લી શેરી, કોન્ગુ નગર એક્સ્ટે., તિરુપુર
ઝૅંદ્રેંદ૬૭૧૦૨૬૨૦૧ ઈંઝ૦૨૦૩૬૩ કોર્પોરેટ ઓફિસઃ C/૫૧૫, કાણકિયા ઝિલિયન, એલબીએસ રોડ અને સીએસટી રોડના જંક્શને, બીકેસી એનેક્સિ, ઈક્વિનોક્સ પાસે, કુર્લા (પશ્ચિમ) મુંબઈ- ૪૦૦૦૭૦ ટેલિઃ ૦૨૨-૨૬૫૪૪૦૦૦/૯૦૭૯૧૬૫૩૧૪
rajesh.jumani@omkaraarc.com/ kshitij.kanulkar@omkaraarc.com |

(એપેન્ડિક્સ IV-A) (જુઓ નિયમ ૮(૬) સાથે નિયમ ૯(૧) વંચાણે લેતા જોગવાઈ
સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી માટે જાહેર નોટિસ
ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨(સરફેસી કાયદો)ને ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ને નિયમમ ૯(૧) ની જોગવાઈઓ સાથે વંચાણે લેતાં હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ.

આથી જાહેર જનતાને અને ખાસ તો નીચે જણાવેલ દેણદાર અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકત સિક્યોર્ડ લેણદાર પાસે ગિરવે/ચાર્જમાં રાખવામાં આવેલ છે જેનો કબજો ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રકશન પ્રા.લિ.ના અધિકૃત અધિકારીએ લીધો હતો. વધુમાં ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ(ઓએઆરપીએલ)(ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત છે)એ ૨૫.૦૬.૨૦૨૧ ના એસાઈનમેન્ટથી ઈન્ડસઈન્ડ બેંક લિ. (એસાઈનર બેંક)પાસેથી એસાઈનર બેંક પાસે રહેલ અન્ડરલાઈંગ સિક્યોરિટી સાથે નીચેના ખાતાઓમાં બાકી રહેલ દેવું સંપાદિત કર્યું છે. એ મુજબ ઓએઆરપીએલએ એસાઈનર બેંકના પેંગડામાં પગ મૂક્યો છે અને બાકી લેણું વસૂલવા અને સિક્યોરિટી જપ્ત કરવાની સત્તા ધરાવે છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતનો દેણદાર /ગિરવેદાર/ સહ-દેણદાર પાસેથી હસ્તાંતરિત કરાયેલ ફિઝિકલ કબજો લીધો છે. ઓએઆરપીએલના અધિકૃત અધિકારી અત્રે નીચે જણાવેલ સિક્યોર્ડ મિલકતોને બાકી દેણું વસૂલવા માટે વેચવા ઈચ્છે છે અને આથી સિક્યોર્ડ મિલકતો ખરીદવા માટે બંધ કવરમાં ટેન્ડર્સ /બીડ્સ મંગાવે છે. સિક્યોર્ડ અસ્ક્યામતોનું સરફેસી કાયદાના ૧૩ (૨) અને (૪) હેઠળના અધિકાર અને સત્તાની કવાયતથી, 'જેમ છે જ્યાં છે', 'જે છે તે છે' અને 'જે કાંઈ છે તે છે તથા કોઈના આશ્રય વિના'ના આધારે સંબંધિત દેણદાર અને સહદેણદાર(રો) પાસેથી ઓએઆરપીએલને સિક્યોર્ડ ક્રેડિટર તરીકે વસૂલ કરવાની ઓએઆરપીએલની સંબંધિત કોલમમાં જણાવેલ રકમ માટે વેચાણ કરવામાં આવશે.

દેણદાર(રો) /જામીનદારો/ ગિરવેદારો, સિક્યોરિટીઝ, માલિક, બાકી રકમ, સેક્શન ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટિસ મોકલ્યાની તારીખ, કબજા તારીખ, રિઝર્વ કિંમત, બીડમાં વધારો કરવાની રકમ, અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી), નિરીક્ષણનાં તારીખ અને સમય વગેરે નીચે મુજબ છેઃ

ક્રમ	દેણદાર(રો) /જામીનદારો/ ગિરવેદારોનાં નામ	સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો	મિલકતના માલિક	૦૩.૦૭.૨૦૨૩ મુજબ બાકી રકમ રૂ.	ડિમાન્ડ નોટિસની તારીખ	કબજાની તારીખ	રિઝર્વ કિંમત (રૂ. લાખમાં)	બીડમાં વધારો કરવાની રકમ	ઈએમડી	નિરીક્ષણનાં તારીખ અને સમય બપોરે
૧	ખામકી ફેશન (દેણદાર), શ્રી મેસારિયા માલદેકુમાર (સહ-દેણદાર/ગિરવેદાર) શ્રી હસમુખભાઈ પરમાર (સહ-દેણદાર), શ્રીમતી લીલાબેન એચ. પરમાર (સહ-દેણદાર) ધિરાણ ખાતા નં. GAS00667N	મોજે નરોડા, અમદાવાદ ખાતે રેવન્યુ સર્વે નં. ૯૪૬/૪ પર આવેલ, પૃથ્વી બિલ્ડર દ્વારા બંધાયેલ વાલકેશ્વર ફ્લોરા નામની સ્કિમમાં દુકાન નં. ૧૦૯, બ્લોક નં. એ, માપણી ૪૯૩ ચો.ફીટ, સુપર બિલ્ટ અપ એરિયા પૂર્વેઃ બ્લોક એ દુકાન નં. ૧૦૮, પશ્ચિમે : ૯ મી. રોડ, ઉત્તરેઃ બ્લોક બી ફ્લેટ નં. ૧૦૫, દક્ષિણેઃ ૩૦ મી. પહોળો રોડ	શ્રી મેસારિયા માલદેકુમાર	રૂ.૨૯,૦૧,૧૬૮.૩૩ (અંકે રૂપિયા ઓગણત્રીસ લાખ એક હજાર એકસો અડસઠ અને પૈસા તેંત્રીસ પૂરા)	૧૪.૧૦.૨૦૨૧	૩૦.૦૪.૨૦૨૩ (ફિઝિકલ)	રૂ.૩૦,૦૦,૦૦૦ (અંકે રૂપિયા ત્રીસ લાખ પૂરા)	રૂ.૫૦,૦૦૦(અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)	રૂ.૩,૦૦,૦૦૦ (અંકે રૂપિયા ત્રણ લાખ પૂરા)	૦૧.૦૮.૨૦૨૩ બપોરે ૦૧.૦૦ થી બપોરે ૩:૦૦ સુધી

ખાતા નં.: ૩૪૪૯૦૫૦૦૧૦૮૪, લાભાર્થીનું નામ : ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટ, બેંકનું નામઃ આઈસીઆઈસીઆઈ બેંક, શાખાઃ બાંદ્રા (પૂર્વ) મુંબઈ, આઈએફએસસી કોડઃ ICIC0003449

ઈ-હરાજીની તારીખ અને સમયઃ ૧૦.૦૮.૨૦૨૩ બપોરે ૧૨:૦૦ થી બપોરે ૦૨:૦૦ | ભાગ લેવા માટે બીડ લેટર/કેવાયસી દસ્તાવેજ/ઈએમડીનો પુરાવો જમા કરાવવાનાં તારીખ અને સમયઃ તા.૦૮.૦૮.૨૦૨૩ ના રોજ ૦૬:૦૦ સાંજના સુધી

હરાજીની શરતો અને નિયમોઃ વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે મહેરબાની કરીને સિક્યોર્ડ લેણદાર (ઓએઆરપીએલ)ની વેબસાઈટ http://www.omkaraarc.com/auction.php પર અથવા સર્વિસ પ્રોવાઈડરની વેબસાઈટ http://www.bankeauction.com પર આપેલ લિંક જુઓ.

ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬)ને નિયમ ૯(૧) સાથે વંચાણે લેવા હેઠળ વેચાણ માટે સ્ટેચ્યુટરી નોટિસ

આ નોટિસ ઉપરના ધિરાણ ખાતાના દેણદાર(રો) માટે ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) ને નિયમ ૯(૧) સાથે વંચાણે લેવા અને ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળની ૩૦ દિવસથી ઓછી નહીં એવી મેન્ડેટરી નોટિસ પણ છે જેમાં તેમને ઉપરની તારીખે અને સમયે ઈ-હરાજી દ્વારા હરાજી/વેચાણ રાખવા અંગે જ્ઞાન કરવા અને જો એમની ઈચ્છા હોય તો બાકી રહેલી રકમ ૦૪-૦૭-૨૦૨૩થી થતા વ્યાજ સાથે ઉપર જણાવ્યા મુજબ કોસ્ટ અને ખર્ચાઓ સહિત વેચાણના સમાપન અગાઉ કોઈ પણ સમયે ચુકવી દઈને એસેટ છોડાવવાની સલાહ સાથે છે. એમ કરવામાં નિષ્ફળ જશે તો અધિકૃત અધિકારી/સિક્યોર્ડ લેણદારની સૂઝબૂઝથી મિલકતનું ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૫) મુજબની કોઈ પણ પદ્ધતિથી વેચાણ કરી શકશે.

તા. ૦૪-૦૭-૨૦૨૩
સ્થળઃ અમદાવાદ
સહી- અધિકૃત અધિકારી, ઓમકારા એસેટ્સ રિકન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ
(ઓમકારા પીએસ ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે પોતાની ક્ષમતા મુજબ)

'પાન તથા આધાર'ના ગેરઉપયોગ-ડેટાચોરીમાં આકરી સજાની જોગવાઈ

નવી દિલ્હી તા.૪

કેન્દ્ર સરકાર દ્વારા જે નવો ડેટા પ્રોટેકશન ખરડો લાવવામાં આવી રહ્યો છે તેમાં હવે પાન અને આધારકાર્ડના કરાતા ગેરઉપયોગ તેમજ અન્ય કોઈના પાન તથા આધારના ડેટાની ચોરી અને તેના આધારે સરકારને જે આવક ગુમાવવી પડે છે તેમાં હવે વધુ કડક કાનુન આવી રહ્યો છે અને તેમાં પેનલ્ટીની રકમ પણ વધુ હશે. કેન્દ્રીય નાણાવિભાગ દ્વારા આ અંગે એક ખાસ જોગવાઈ કરવામાં આવી રહી છે. જેમાં આઈટી મંત્રાલયને પણ સાથે રખાયુ છે. સંસદના ચોમાસુ સત્રમાં આ ખરડો રજુ થશે.

BAJAJ FINSERV

સોનાની જ્વેલરીની હરાજી માટે સમાચારપત્રમાં જાહેર સૂચના

બજાજ ફાઇનાન્સ લિમિટેડ

પંજીકૃત દફ્તરઃ મુંબઈ - પુણે રોડ, આકુર્ડી, પુણે - 411035

આથી તમામ સંબંધિત ઋણધારકો અને જાહેર જનતાને BFL દ્વારા સૂચિત કરવામાં આવે છે કે ગોલ્ડ લોન પ્રાપ્ત કરતી વખતે ઋણધારકો દ્વારા તેમના સંબંધિત લોન